હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ગુરૂજી હુ નાનો હતો ત્યારે શ્રાવણ મહિનો નતો કરતો તોય જુગારમાં ઘણુ જીતી જતો...હવે આખા મહિનાનાં એકટાણા કરૂ છુ. તોય કેમ હારી જ જાઉ છુ...!!

ચિલોડામાંથી બાઈક, ડીપીએસ સ્કુલથી એકટીવા અને સરઢવથી ઈકો ચોરાઈ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના ગ્રામ્ય વિસ્તારમાં ચોરીના કિસ્સા વધવા લાગ્યા છે.ત્યારે ચિલોડા ચોકડી પાસેથી બાઈક, તો ડીપીએસ શાળાના ગેટ પાસેથી એકટીવાની ચોરી થઈ છે.જયારે સરઢવ ગામમાં ઘર પાસે રહેલા ચોકમાં મુકેલી ઈકો ગાડી કોઈ ચોર લઈ પલાયન થઈ જતા પોલીસ મથકે ત્રણેય બનાવ અંગે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના ડભોડા ગામે જશુજી ગાભુજી ઠાકોર પોતાના પરિવાર સાથે રહે છે. જયારે જશુજી તાજપુર ખાતે ઝીયલ લાઈફ સાયન્સ કંપનીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. તે પોતાનું બાઈક નં.જી.જે.૧૮.સી.એફ.-૧૫૪૭ અંગત કામ માટે ફેરવતો હતો. ત્યારે ગત તા.૨૧ ઓગસ્ટના રોજ સવારના આશરે નવ વાગે જશુજીએ બાઈક ચિલોડા એચપી પેટ્રોલ પંપ પાસે ખુલ્લી જગ્યામાં પાર્ક કર્યું હતું.ત્યારબાદ કંપનીની ગાડી આવતા તેમાં બેસી જશુજી નોકરી પર ગયો હતો. રાત્રીના સમયે ઘરે આવતા સવારે ચિલોડા બાઈક પાર્ક કરેલી જગ્યા પર લેવા જતા ગાયબ હતું. કોઈ ચોર બાઈક લઈ પલાયન થઈ ગયો હતો. ચિલોડા આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતા બાઈક મળી ન આવતા યુવકે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

જયારે બીજા બનાવમાં ઉવારસદ ખાંટ વાસ ખાતે વિષ્ણુભાઈ જવાનજી ઠાકોર ડીપીએસ સ્કુલમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. તેઓનું એકટીવા પ જી ડીપીએસ સ્કુલના ગેટ પાસે પાર્કિંગમાંથી ચોરી થયુ છે. વિષ્ણુજી નોકરી પર આવવા જવા માટે એકટીવાનો ઉપયોગ કરતા હતા. ત્યારે ગત તા.૬ ઓગસ્ટના રોજ સવારના ૬ વાગે એકટીવા લઈ નોકરી પર ગયા હતા.જયારે એકટીવા સ્કુલના ગેટ પાસે પાર્કિંગમાં પાર્ક કર્યું હતું. ત્યારબાદ સાંજના ૪.૩૦ કલાકે નોકરીથી છુટી એકટીવા લેવા જતા એકટીવા મળી આવ્યુ ન હતું. જેથી યુવકે રૂ.૪૦ હજારના એકટીવા ચોરી અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

જયારે ત્રીજા બનાવમાં સરઢવ નવોવાસ રખેવાડા ખાતે રહેતા યોગેન્દ્ર શંકરલાલ પટેલના ઘર પાસે ચોકમાં મુકેલી ઈકો કારની ગતરાત્રીએ ચોરી થવા પામી છે. સરઢવ ખાતે રહેતા અને પાન પાર્લર ચલાવતા યોગેન્દ્રભાઈ ઘરના કામકાજ માટે ઈકો ગાડી નં.જી.જે.૧૮.બી.ઈ-૩૫૦૮ નો ઉપયોગ કરતા હતા. યોગેન્દ્રભાઈ સવારે ૬ વાગે ઈકો લઈ પાર્લર ખાતે જાય અને પાર્લર બંધ કરી મોડેથી ઘરે આવી ઈકો ચોકમાં પાર્ક કરી હતી. જયારે યોગેન્દ્રભાઈએ બીજા દિવસે સવારે ઈકો ગાડી જોતા તે દેખાઈ ન હતી. જયારે ગાડીની આરસી બુક અને વીમા પોલીસી સહિતના જરુરી કાગળો ઈકોમાં જ હતા. ત્યારે ગામમાંથી ઈકો કારની ચોરી થતા યોગેન્દ્રભાઈ રૂ.૧.૭૫ લાખની ઈકો ચોરી અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

ખૂણેખાંચરેથી

- આજે બુધવારે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે જિલ્લા લેન્ડ કમિટીની બેઠક મળી હતી.
- સમર્પિત આયોગને જિલ્લામાં બક્ષીપંચની વસ્તી અંગે દસ ગામોમાં કરાયેલ સેમ્પલ સર્વેના તારણો સુપ્રત કરવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેરમાં આજે બપોર પછી નીકળેલા ઉઘાડથી નગરજનોમાં રાહતની લાગણી જન્મી છે.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાં મચ્છરોની ડેન્સીટી વધતાં વાહકજન્ય રોગચાળાનો ભય ઉભો થયો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે ચૂંટાયેલા સભ્યો ખાસ કરીને ભાજપના સભ્યોની હાજરી એ ચર્ચાનો મુદ્દો હતી.
- ગાંધીનગર શહેરમાં ગણેશોત્સવ પર્વની ઉજવણી માટેના આયોજનમાં આયોજકો વ્યસ્ત બન્યા છે.
- શ્રાવણ માસના અંતિમ દિવસોમાં ''તીર્થ'' યોજનાનો લાભ લેવા કાઉન્સીલરો વધુ સક્રિય થયા છે. રવિવારે ૩૧ બસો તંત્રએ ફાળવી હતી.
- ગાંધીનગર મનપામાં આર.ટી.આઈ. કરનારાઓની સંખ્યા વધી રહી છે. એક અંદાજ મુજબ રોજની ચાર જેટલી અરજીઓ મળે છે મનપાને.
- સંત સરોવરમાંથી આજે સવારથી ૫૫ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યુ છે.
- ગાંધીનગરમાં પડેલા ભુવાઓની દુરસ્તી માટે પણ વિભાગોમાં આંતરિક સંકલનનો અભાવ હોવાથી લોકોની પરેશાની વધી રહી છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે ૫૭૦૦થી વધુ લાભાર્થીઓને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

ઘરકામ માટે રાખેલા નોકરે તિજોરીમાંથી રૂ.૫૧ હજારની મત્તાની ચોરી કરી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૭ બી ખાતે મકાનમાં ઘરકામ માટે રાખેલા નોકરે ઘરમાં જ સફાઈ કરી દીધી છે. નોકરે તિજોરીમાંથી રોકડ રૂ.૨૦ હજાર તેમજ સોનાના દાગીના કિં.૩૧ હજાર મળી કુલ રૂ.૫૧ હજાર મત્તાની ચોરી થતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૭ બી પ્લોટ નં.૭૫૬-૨ ખાતે રહેતા વિનય રાઠોડ પોતાના પરિવાર સાથે રહે છે. સેકટર-૨૨ માંથી હરીશ નામના વ્યકિતને છેલ્લા ચાર માસથી નોકર તરીકે રાખ્યો હતો. જે સવારે ૯ થી ૧૧ દરમિયાન ઘરકામ કરતો હતો.ગત તા.૧૯ ઓગસ્ટના રોજ પરિવારના તમામ સભ્યો ઘરે હાજર હતા. જયારે વિનયભાઈના દિકરાની વહુ નોકરી પર ગયા હતા. ત્યારે હરીશ પણ નિત્યક્રમ મુજબ ઘરે કામ માટે આવ્યો હતો. તે સમયે હરીશને આશરે સવારના સાડા દશ વાગ્યાના અરસામાં તે બેડરૂમમાં રાખેલા કબાટ ખોલી તેમા રહેલી ચીજવસ્તુઓ ફેંદતો હતો. તે સમયે અચાનક વિનયભાઈ જોઈ જતા તેને રોકી દીધો હતો.જયારે હવેથી કામ કરવા માટે આવતો નથી તેમ કહી કાઢી મુક્યો હતો. જયારે સાંજના સમયે ઘરે આવીને પુત્રવધુ તેના કબાટમાં ચેક કરતા તેમાં રહેલી ચીજવસ્તુઓ વેરણ છેરણ પડી હતી. તે ઉપરાંત રોકડા રૂ.૨૦ હજાર તેમજ બે નંગ સોનાની ડાયમંડવાળી બુટ્ટી ૫ ગ્રામ વજનની કિં.૨૬ હજાર તેમજ બે નંગ સોનાની ચુની કિં.૫ હજાર મળી કુલ રૂ.૫૧ હજારની મત્તા ચોરી થઈ છે. ત્યારબાદ હરેશ નામનો નોકર ઘરેથી ચીજવસ્તુઓની ચોરી કરી લઈ ગયો હોવા છતા તે રસ્તામાં મળતા વિયન રાઠોડે કહ્યુ હતુ કે મારા ઘરેથી ચોરી કરેલી ચીજવસ્તુ લઈ ગયો છે તે મને પરત આપી દે. પરંતુ હરીશે આજદિન સુધી ચીજવસ્તુઓ પરત ન આપતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

વૈષ્ણોદેવી પાસે ''હું પોલીસવાળો છું'' કહી શખ્સે જમીન દલાલને માર માર્યો

રોંગ સાઈડ આવેલા અલ્ટો ચાલકે ''તુ તો શુ તારો બાપ પણ મારુ કંઈ ઉખાડી નહી શકે'' તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી ગયો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર-સરખેજ માર્ગ પર વૈષ્ણોદેવી સર્કલ થી અદાણી શાંતિગ્રામ તરફ જતા બંધન હોટલ પાસે ગતરોજ રાત્રીના સમયે જમીન દલાલને અલ્ટો કારના ચાલકે આંતરીને ''હું પોલીસવાળો છું, તુ તો શુ તારો બાપ પણ કંઈ ઉખાડી નહી શકે'' તેમ કહી જમીન દલાલને કાર ચાલકે ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વૈષ્ણોદેવી સર્કલ નજીક અદાણી શાંતિગ્રામ ટાઉનશીપમાં રહેતા જમીન દલાલ વિવેક ચંદ્રવદન વ્યાસ બોપલ ચાર રસ્તા પાસે વર્લ્ડ વેસ્ટ કોમ્પ્લેક્ષ ખાતે ધ વન નામની ઓફિસ આવેલી છે. ગતરોજ વિવેક વ્યાસ સાંજના સમયે ઓફિસથી સાડા સાત વાગ્યાના અરસામાં સેન્ટ્રો ગાડી લઈ ઘરે જવા માટે નીકળ્યો હતો.

ત્યારે વૈષ્ણોદેવી સર્કલ થી શાંતિગ્રામ તરફ જતા બંધન હોટલ નજીક રાત્રીના આશરે પોણા નવ વાગ્યાના અરસામાં સામેથી રોંગ સાઈડમાં એક ઓરેન્જ કલરની અલ્ટો કાર નં. જી.જે.૦૧.આર.વાય.-૪૨૭૪ આવી હતી. અલ્ટો ગાડીની આગળના ભાગે પોલીસની પ્લેટ રાખેલી હતી. વિવેક પોતાની ગાડી ઉભી રાખી હતી. આ સમયે અલ્ટો કારનો ચાલક વિવેક પાસે જતા કારનો કાચ નીચે ઉતાર્યો હતો. ત્યારે વિવેક કંઈ સમજે કે વિચારે તે પહેલા જ પેલા શખ્સે બે લાફા ઝીંકી દઈ ગાળો બોલી રહ્યો હતો. વિવેક ગાડીની બહાર નીકળવાની પ્રયત્ન કરતા ફેંટો મારી હતી.

જેથી વિવેકે પોલીસ ફરીયાદ કરવાનું કહેતા શખ્સ કહેવા લાગ્યો હતો કે હું પોલીસ વાળો છુ, તુ તો શું તારો બાપ પણ મારૂ કંઈ ઉખાડી નહી શકે, હું મિતુલ ધોળકાનો હોવાનું કહી વિવેકને જાનથી મારી નાંખવાની ધમકી નાસી ગયો હતો. જેથી જમીન દલાલ વિવેકે ઓરેન્જ કલરની અલ્ટો કારના ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

એપોલો સર્કલ એબીસી કોમ્પ્લેક્ષ પાસેથી સ્વીફટ ગાડીમાંથી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના એપોલો સર્કલ પાસે આવેલા એબીસી કોમ્પ્લેક્ષ નજીક બિનવારસી સ્વીફટ ગાડીમાંથી દારૂ-બિયરની ૨૪ પેટી અડાલજ પોલીસને મળી આવી છે. પોલીસે દારુ-બિયર અને ગાડી મળી કુલ રૂ.૩.૫૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એપોલો સર્કલ પાસે એબીસી કોમ્પ્લેક્ષ પાસે બિનવારસી કાર લોક કર્યા વિના પડી હતી. જેની પોલીસને બાતમી મળી હતી. પોલીસ તાત્કાલીક સ્થળ પર પહોંચીને ચાલકની શોધખોળ કરતા તે મળી આવ્યો ન હતો. પોલીસે ગાડીના દરવાજા ખોલી ચેક કરતા ગાડીના આગળ તેમજ પાછળ ડેકીમાંથી વિદેશી દારૂ-બિયરની પેટીઓ મળી આવી હતી. પોલીસે દારૂની ૧૧૫૨ બોટલ અને ૧૧૭૫ બિયર મળી આવી હતી. પોલીસે રૂ.૧.૨૩ લાખનો દારુ અને કાર મળી કુલ રૂ.૩.૫૪ લાખનો મુદ્દામાલ પોલીસે કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે ઉલ્લેખયની છે કે એબીસી કોમ્પ્લેક્ષ પાસે લોક કર્યા વિનાની સ્વીફટ નં. જી.જે.૨૩.એ.એફ.-૧૬૧૭ બિનવારસી હાલતમાં મળી આવતા પોલીસ પહોંચી ગઈ હતી. પોલીસે કારમાં તપાસ કરતા વિદેશી દારૂ-બિયરનો જથ્થો મળી આવતા આગળની તપાસ હાથ ધરી છે.

કડી કેમ્પસ ખાતે યોજાયેલ યુવા સંમેલનમાં ૩૦ કોલેજના હજાર વિદ્યાર્થીઓ જોડાયા

ગાંધીનગર,તા.૨૪

કડી સર્વ વિશ્વવિદ્યાલય અને રામકૃષ્ણ મઠ, અમદાવાદ દ્વારા એક દિવસીય યુવા સંમેલનનું આયોજન ચારિત્ર્ય નિર્માણ થી રાષ્ટ્રનિર્માણ વિષય ઉપર ખીમજી વિશ્રામ હોલ, સર્વ વિદ્યાલય કેમ્પસ, સેક્ટર-૨૩ ખાતે યોજાયુ જેમાં સર્વ વિદ્યાલય કડી અને ગાંધીનગરની ૩૦ કોલેજના ૧૦૦૦ હજારથી વધુ વિધાર્થીઓ અને પ્રોફેસરશ્રીઓ સવારે ૮:૦૦ વાગ્યાથી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ઉત્સાહભેર જોડાયા હતા.

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત યોજાયેલ એક દિવસીય યુવા સમેલનનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે આજના યુવાનો જેમણે દેશ માટે પોતાનું સર્વસ્વ બલિદાન કર્યું છે તેવા સ્વાતંત્ર્ય સેનાનીઓ અને ક્રાંતિકારીઓ વિશે જાણે,આઝાદી મેળવવા માટેના તેમના યોગદાન થી વાકેફ થાય તદુપરાંત સ્વામી વિવેકાનંદજીના ચારિત્ર્ય નિર્માણ અને રાષ્ટ્રનિર્માણના વિચારો અને સંદેશાથી માહીતગાર થાય અને સાચા અર્થમાં ભારત ને જાણી, સમજી, નૈતિક મૂલ્યો સાથે નવા ભારતના નિર્માણમાં યોગદાન આપનાર ઉમદા નાગરિક બને તે હતો. યુવા સંમેલનમાં મહેમાન અને વક્તા તરીકે રામકૃષ્ણ આશ્રમ,રાજકોટના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજી, રામકૃષ્ણ મઠ, અમદાવાદના અધ્યક્ષ પ્રભુસેવા નંદજી, સામાજિક કાર્યકર અનારબેન પટેલ, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહાં, ગુજરાતના જાણીતા મોટીવેશનલ સ્પીકર સંજયભાઈ રાવલ અને ઈન્ડિયાના યંગ યુથ આઈકન તરીકે પ્રચલિત શ્રી શરદ વિવેક સાગરજી ઉપસ્થિત રહી પોતાના વિષય અન્વયે વિધાર્થીઓને પોતાના અનુભવ અને વક્તવ્યથી પ્રેરિત અને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કાર્યક્રમ દરમિયાન યુવા વિધાર્થીઓ દ્વારા દેશભક્તિ અને દેશદાઝ જાગૃત કરતી વિવિધ કૃતિઓની રજુઆત પણ થઈ હતી.

સમગ્ર કાર્યક્રમ કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલની પ્રેરણા અને માર્ગદર્શનથી યોજાયો હતો જેમાં કાર્યક્રમનું આયોજન કડી સર્વ વિશ્વવિદ્યાલય વતી પ્રોફેસર ડો. ધર્મેન્દ્ર પટેલ, સુરજ મુંજાની, અંજલિ પટેલ, લવિશા, રાહુલ સુખડીયા, વિવિધ કોલેજના સર્વ નેતૃત્વના કોર્ડીનેટર્સ અને સર્વ નેતૃત્વના પૂર્વ તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું જ્યારે કાર્યક્રમનું સંચાલન ડો. વર્ષા પારેખ અને ડો. જૈમીની કુલકર્ણી દ્વારા કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર તાલુકા કક્ષાના ૭૩મા વન મહોત્સવની ઉજવણી રાંદેસણ ખાતે કરાઈ

ગાંધીનગર તાલુકાની ૮ નર્સરીમાં ૧૫ લાખ રોપાઓનો ઉછેર કરાયો : ૧૧ લાખ રોપાઓનું તાલુકામાં વિના મૂલ્યે વિતરણ કરાયું

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગર તાલુકા કક્ષાના ૭૩ મા વન મહોત્સવ- ૨૦૨૨ની ઉજવણી પંચદેવ મંદિર, ઉર્જા નગર-૧, રાંદેસણ ખાતે કરવામાં આવી હતી. તાલુકા કક્ષાના વન મહોત્સવનો આરંભ ગાંધીનગર(દ) ધારાસભ્ય શંભુજી ઠાકોરના હસ્તે વૃક્ષની વાવણી કરીને કરવામાં આવ્યો હતો. ૭૩મા તાલુકા કક્ષાના વન મહોત્સવનો આરંભ કરાવતા ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે, વૃક્ષો સાથે આપણી સંસ્કૃતિ ઘાટ રીતે સંકાળયેલ છે. વૃક્ષો થકી જ સમગ્ર જીવ સૃષ્ટિને ઓક્સિજન મળે છે. વૃક્ષોની સંખ્યા વધારી આપણા પર્યાવરણને બચાવવાની જવાબદારી આપણા સૌની છે. વૃક્ષોની સંખ્યા વધશે તો જ ગ્લોબલ વાર્મિંગ જેવી અસરોથી માનવજીવન બચી શકશે. ઉર્જા રેન્જ, ગાંધીનગર પરિક્ષેત્ર વન અધિકારી રાઘવકુમાર જી. જોષીએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને માનવ જીવનમાં વૃક્ષોનું મહત્વ કેટલું છે, તેની રસપ્રદ વાત દૃષ્ટાંતપૂર્વક કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર તાલુકામાં આવતી ૮ નર્સરીમાં ૧૫ લાખ રોપાઓનો ઉછેર કરવામાં આવ્યો હતો. આ તમામ રોપાઓનું વિતરણ વૃક્ષ રથ યાત્રા અને અન્ય કાર્યક્રમો થકી નાગરિકોને વિના મૂલ્યે કરવામાં આવ્યું છે. તેમજ કોઈપણ સંસ્થાને તેની માંગણી અનુસાર પણ આપવામાં આવ્યા છે. અત્યાર સુધી ૧૧ લાખ જેટલા રોપઓનું વિતરણ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. બાકીના રોપોઓનું વિતરણ કાર્ય હાલ ચાલું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઉર્જા રેન્જના વન વિભાગના કર્મયોગીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચાવડા, તાલુકા પંચાયત પ્રમુખ ગોપાળજી ઠાકોર, ગાંધીનગરના નાયબ વન સંરક્ષક ડૉ. ચંદ્રેશકુમાર શાનદ્રે, ગાંધીનગર મામલતદાર એચ. એમ. પટેલ, તાલુકા વિકાસ અધિકારી વિનોદ પી.જોષી સહિત મહાનગર પાલિકાના કોર્પોરેટરો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

સેક્ટર-૧૭ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ સેન્ટરના બગીચામાં કોઈ કારણસર થાંભલો પડી ગયો હતો. થાંભલા પર લગાવેલી સોલાર લાઈટ તુટી ગઈ હતી.

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ લૉ ખાતે ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરાયુ

ગાંધીનગર, તા. ૨૪

બાપુ ગુજરાત નોલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ લૉ ખાતે પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે તા. ૨૪-૮-૨૨ના રોજ ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે રશ્મિન સી. જાની (સુપ્રીમ કોર્ટ હાઈકોર્ટ એડવોકેટ)ને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમને પોતાના પ્રવચનમાં વિદ્યાર્થીઓને કાયદાની શાખા દ્વારા તથા ફાયદા વિશે સમજ આપીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

આ સફળ પ્રસંગ નિમિત્તે સંસ્થાના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, ડાયરેક્ટર પ્રો. રવિકુમાર અને લૉ ના પ્રિન્સિપાલ પ્રો. ભૂમિકા જાની અને તેમના સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓની સફળ કારકિર્દી માટે અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગરમાં વિશ્વકર્મા સમાજનું સ્નેહમિલન યોજાયુ

રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં અગ્રણીઓએ મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કર્યું

ગાંધીનગર,તા.૨૪

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં સરકારે ગુજરાતના વિકાસને સુદ્રઢ અને ગતિશીલ બનાવ્યો છે. છેલ્લા એક વર્ષમાં ટીમ ગુજરાતે અનેક જનહિતલક્ષી પગલાં લઈ સામાન્ય માણસોની નાની-મોટી મુશ્કેલીઓ દૂર કરી છે.

મુખ્યમંત્રીશ્રી ગાંધીનગર ખાતે રાજ્યના વિશ્વકર્મા સમાજના અગ્રણીઓના સ્નેહમિલનમાં સંબોધન કરી રહ્યા હતા. સહકાર અને ઉદ્યોગ તથા માર્ગ-મકાન રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં વિશ્વકર્મા સમાજના અગ્રણીઓએ મુખ્યમંત્રીનું અભિવાદન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ અભિવાદનનો પ્રતિસાદ આપતાં વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકાર દરેક સમાજને એકજૂટ કરી વિકાસ કરવા અને વંચિત વર્ગોને વિકાસની મુખ્ય ધારામાં લાવવા માટે કાર્યરત છે. સરકારે ગરીબ, પછાત અને નબળા વર્ગોના લોકોની નાનામાં નાની જરૂરિયાતનું ધ્યાન રાખી નીતિ-રીતિઓ બનાવી છે. આવકના દાખલાની સમયમર્યાદામાં વધારો, નિશ્ચિત કાર્યવાહી માટે એફિડેવિટ-સોગંદનામાંમાંથી મુક્તિ, તેમજ સિનિયર સિટિઝનને યાત્રા માટે અપાતી સહાયમાં વધારો કરી નાગરિકોને સુશાસનની અનુભૂતિ કરાવી છે, તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે, કોરોનાને કારણે અનેક દેશો પાયમાલી તરફ ધકેલાઈ રહ્યા હતા, તેવા સમયે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે કોવિડ મેનેજમેન્ટ કરી બતાવ્યું તેની નોંધ વિશ્વના દેશોએ પણ લીધી છે.

કોવિડ નિયંત્રણો, વેક્સિન-નિર્માણ અને વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન, જેવાં પગલાંથી વડાપ્રધાનશ્રીએ દેશને કોરોના મહામારીમાંથી સમયસર ઉગાર્યો છે. રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કહ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ વિશ્વકર્મા સમાજની ઉદ્યમશીલતાથી સુપેરે વાકેફ છે. વિશ્વકર્મા સમાજ રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં હજી વધુ પ્રમાણમાં યોગદાન આપે તેમજ સરકારની જી.આઈ.ડી.સી. અને સંલગ્ન નીતિઓનો લાભ મેળવે તે સમયની માંગ છે.